સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# ચૈતન્ય કલ્પવૃક્ષ આધ્યાત્મિક રહસ્ય

કલ્પવૃક્ષ અર્થાત્ સર્વ ઇચ્છા પૂર્ણ કરનારું દિવ્ય વૃક્ષ', 'કલ્પવૃક્ષ અર્થાત્ મનુષ્યસૃષ્ટિરૂપી ચૈતન્યવૃક્ષ', 'કલ્પવૃક્ષ અર્થાત્ સ્વર્ગનું વિશેષ વૃક્ષ.' કલ્પવૃક્ષને ચમત્કારી વૃક્ષ કહેવાય છે. તેની નીચે બેસવાથી અથવા તેની છાયામાં કોઈ સંકલ્પ કરવાથી તે ચોક્કસ સિદ્ધ થાય છે. પરંતુ કોઈ પણ સંકલ્પ કે ઇચ્છા પૂર્ણ થવા માટે જરૂરી છે કે તે ઇચ્છા મનમાં તીવ્ર હોય. ઇચ્છાના અભાવથી કલ્પવૃક્ષ પણ ફળ આપી શકતું નથી. કર્મની પ્રેરણા વિચારથી મળે છે અને વિચારનું ઉદ્ગમસ્થાન મન છે. આ અર્થમાં જોઈએ તો કલ્પવૃક્ષ એટલે કોઈ સ્થૂળ વૃક્ષની વાત નથી, પરંતુ તે આપણા મનનું રૂપ છે. દૃઢ સંકલ્પ સાથે કરાયેલું કર્મ, અર્થાત્ દૃઢ સંકલ્પ જો કર્મમાં પરિવર્તિત થાય તો મનવાંછિત ફળ મળે છે. ફક્ત વૃક્ષ નીચે બેસીને સંકલ્પ કરવાથી સંકલ્પ સિદ્ધ થતો હોય તો આપણે વિવેકથી વિચારીએ કે જો આવું વૃક્ષ હોય તો પછી શા માટે કોઈ મહેનત કરે? આ વાત એક ઉદાહરણથી સમજીએ. એક મુસાફર પોતાના ઘોડા પર બેસીને જંગલમાંથી પસાર થતો હોય છે. ગરમીનો સમય હોવાથી એક વૃક્ષની શીતળ છાયામાં આવીને બેસે છે. એને વિચાર આવે છે કે ઠંડું પાણી મળી જાય તો સારું, ભોજન મળી જાય તો સારું. તરત જ ભોજન અને પાણી મળી જાય છે. તેનાથી સંતુષ્ટ થયા બાદ સંકલ્પ કરે છે કે ઊંઘવા માટે પલંગ મળી જાય. તો પલંગ આવી જાય છે અને સૂતાં-સૂતાં વિચાર કરે છે કે કોઈ હિંસક પ્રાણી આવીને મને ખાઈ ન જાય. આ સમયે વાઘ આવે છે અને તેને ખાઈ જાય છે. વાસ્તવમાં આવું કોઈ વૃક્ષ ન હોઈ શકે, જેની નીચે બેસીને ફક્ત વિચારવાથી જ સિદ્ધિ મળી જાય. કર્મક્ષેત્રનો નિયમ છે કે 'જો કરેગા સો પાયેગા.' એવું નથી કહેવાતું કે 'જે વિચારશો તે પ્રાપ્ત કરશો.' કારણ કે દરેક ફળ અથવા પરિણામ કોઈ પણ કર્મના ફળસ્વરૂપે જ હોય છે. કર્મ જ ન કરીએ તો ફળ પણ નહીં મળે.

અહીં પરમાત્મા કોઈ સ્થૂળ વૃક્ષ કે ફક્ત એક જન્મ માટેનું ફળ આપનારા વૃક્ષની વાત નથી કરી રહ્યા, પરંતુ પરમાત્મા મનુષ્ય સંપ્રદાયના ચૈતન્ય વંશવૃક્ષની વાત કરી રહ્યા છે. હવે તેના આધ્યાત્મિક રહસ્યને જાણીએ. કલ્પવૃક્ષમાં ધર્મનો ઇતિહાસ બતાવવામાં આવ્યો છે. માનવજીવનમાં બે વાતો, ધર્મ અને કર્મ, બંને મહત્ત્વની છે. આત્મા કર્મને છોડી શકતો નથી કે ધર્મને પણ છોડી શકતો નથી. આત્મા શરીર ધારણ કર્યા બાદ કર્મ કર્યા વગર રહી શકતો નથી. આત્મા ચૈતન્ય અને ક્રિયાશીલ છે. માટે જેવું શરીર મળે કે કર્મ શરૂ થઈ જાય છે. ભલે કોઈ કહે કે અમે કર્મસંન્યાસી છીએ. ઘરબાર છોડી ચાલ્યા જાય, તપસ્વી જીવન બનાવે, પરંતુ કર્મનો સંપૂર્ણ સંન્યાસ કોઈ કરી શકતું નથી. વ્યક્તિ પોતાની પારિવારિક જવાબદારી છોડીને ચાલ્યો જાય, પરંતુ કોઈ પણ જગ્યાએ જઈને જીવવું, મનથી વિચારવું, આંખોથી જોવું, શ્વાસ લેવો વગેરે કર્મ તો છે જ. આમ કર્મને કોઈ છોડી શકતું નથી. જો કર્મ કરવાનાં જ છે તો દરેક કર્મ શ્રેષ્ઠ કઈ રીતે કરી શકીએ કે જેથી શ્રેષ્ઠ કર્મોનાં ફળસ્વરૂપે સુખ-શાંતિનાં ફળ આપણે પ્રાપ્ત કરી શકીએ? જો આજે આપણે જીવનમાં દુઃખ-અશાંતિનાં ફળ ખાઈ રહ્યા છીએ તો કોઈ ને કોઈ સમયે સ્પષ્ટ છે કે ખોટાં કર્મનાં બીજ પણ વાવેલાં છે. એટલા માટે દુઃખ-અશાંતિ મળી રહી છે. માનવીએ દરેક કર્મને શ્રેષ્ઠ બનાવવા ધર્મને યથાર્થ રૂપે જાણવો ખૂબ જરૂરી છે.

કારણ કે ધર્મને આચરણમાં મૂક્યા વગર, અર્થાત્ ધારણ કર્યા વગર, કર્મને શ્રેષ્ઠ બનાવી શકતા નથી. ઊંડાણપૂર્વક વિચારીએ તો કર્તવ્યપાલન કરવું એ સારો ગુણ છે. પરંતુ ધર્મ આપણને ગુણોનું જ્ઞાન આપે છે, જેના થકી માનવી ગુણવાન બને છે. પરમપિતા પરમાત્મા શિવ સર્વ ધર્મ અને સર્વ આત્માઓના કલ્પવૃક્ષનાં બીજરૂપ છે. ચૈતન્ય સૃષ્ટિરૂપી કલ્પવૃક્ષના બીજરૂપ પરમાત્મા શાંતિના સાગર, પ્રેમના સાગર, જ્ઞાનના સાગર છે, જે માનવીને ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગના અભ્યાસ દ્વારા જ્ઞાનવાન, ગુણવાન અને શક્તિવાન બનાવે છે. મિત્રો, ચાલો, આપણે કલ્પવૃક્ષનાં ગૂઢ રહસ્યને સમજી લઈએ અને જ્ઞાન-યોગના અભ્યાસ દ્વારા કર્મશ્રેષ્ઠ અને ધર્મશ્રેષ્ઠ આપણું જીવન બનાવીએ તથા આપણા સ્નેહીજનોને પણ એવું જીવન બનાવવા પ્રેરણાસ્રોત બનીએ... ઓમ શાંતિ...

> જો કર્મ કરવાનાં જ છે તો દરેક કર્મ શ્રેષ્ઠ કઈ રીતે કરી શકીએ કે જેથી શ્રેષ્ઠ કર્મોનાં ફળસ્વરૂપે સુખ-શાંતિનાં ફળ આપણે પ્રાપ્ત કરી શકીએ?



જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ

# મારા વિચારોની જેલ તૂટશે

માનવની સૌથી મજબૂત જેલ કઈ? આપણને લાગે કે તિહાડ અથવા ગુવાહાટી જેલની વાત હશે! પણ માણસનું મન જે રીતે વિચારોની સાંકળ રચીને એક મોટી જેલ બનાવે છે, તેના જેવી મજબૂત જેલ એકેય નથી. હા, આપણે લોખંડની સાંકળોથી ઓછા અને પોતાના વિચારોની સાંકળોથી વધારે બંધાયેલા હોઈએ છીએ. વિચિત્ર વાત એ છે કે આ સાંકળો દેખાતી નથી, તેથી તેને તોડવાની જરૂરિયાત પણ અનુભવાતી નથી. માણસ આખું જીવન આ અદૃશ્ય બંધનોને જ પોતાનું સ્વરૂપ માનીને જીવી જાય છે.

એક નાનકડું બાળક જન્મે ત્યારે તેના મનમાં કોઈ દીવાલ હોતી નથી. ન કોઈ પૂર્વગ્રહ, ન કોઈ અહંકાર, ન કોઈ નિશ્ચિત માન્યતા. પછી ધીમે ધીમે તે સાંભળે છે, જુએ છે, અનુભવે છે અને મનમાં અનેક માન્યતાઓનો સંગ્રહ થવા લાગે છે. શરૂઆતમાં આ માન્યતાઓ માર્ગદર્શક હોય છે પરંતુ થોડા સમય પછી તે જ માલિક બની બેસે છે.

આપણે વિચારીએ છીએ કે આપણે વિચારોને ચલાવીએ છીએ. હકીકતમાં ઘણા પ્રસંગોએ વિચારો જ આપણને ચલાવતા હોય છે.

મન એક અદૃશ્ય ચશ્મા જેવું છે. ચશ્માનો રંગ જેવો હોય, દુનિયા પણ એવી જ દેખાય. જો મનમાં શંકાનો રંગ ચઢી ગયો હોય તો દરેક માણસ શંકાસ્પદ લાગે. જો મનમાં અહંકાર ભરાયો હોય તો દરેક વ્યક્તિ નાની દેખાય. જો મનમાં નિરાશાનો પડદો હોય તો દરેક તક મુશ્કેલી લાગે.

દુનિયા બદલાતી નથી, આપણો લેન્સ બદલાય છે. આપણે ઘણી વાર કહીએ છીએ, 'મારી તો એવી જ પ્રકૃતિ છે.' આ વાક્ય જેટલું નિર્દોષ લાગે છે, એટલું જ ખતરનાક છે કારણ કે આ વાક્ય વિકાસના દરવાજા બંધ કરી દે છે. જે માણસ પોતાને પૂર્ણ માની લે છે, તે ક્યારેય પૂર્ણ બની શકતો નથી. જે કહે છે કે 'હું આવો જ છું,' તે પોતાને બદલવાની તમામ શક્યતાઓ પર તાળું મારી દે છે.

મહંત સ્વામી મહારાજ કહે છે કે પોતાનો એકડો સાચો માનવા અને મનાવવા મથતો માનવી કેદી નથી તો શું છે?

આપણે માનીએ છીએ કે જે હું સમજું છું તે જ સાચું છે. મારી રીત જ શ્રેષ્ઠ છે. મારો અનુભવ જ અંતિમ છે. પછી બીજાનો વિચાર સાંભળવાની ક્ષમતા જતી રહે છે. ચર્ચા બંધ થઈ જાય છે અને નિર્ણય શરૂ થઈ જાય છે. જ્યાં નિર્ણય વહેલો આવી જાય, ત્યાં જ્ઞાન મોડું પહોંચે છે.

નદી વહેતી રહે છે એટલે શુદ્ધ રહે છે. તળાવ અટકી જાય તો તેમાં કાઈ જામે છે. મન પણ એવું જ છે. જે મન નવા વિચારો માટે ખુલ્લું રહે છે તે તાજું રહે છે; જે મન પોતાની માન્યતાઓમાં જ અટકી જાય છે તે ધીમે ધીમે જડ બની જાય છે.

સૌથી મોટું બંધન એ નથી કે માણસને કોઈ રોકે છે. સૌથી મોટું બંધન એ છે કે માણસ પોતે જ આગળ વધવા તૈયાર નથી. ઘણી વાર આપણે તક ગુમાવીએ છીએ કારણ કે પહેલાંથી જ નક્કી કરી લીધું હોય છે કે 'મારાથી નહીં થાય.' ઘણી વાર સંબંધો તૂટી જાય છે કારણ કે આપણે માની લીધું હોય છે કે 'સામેવાળો ક્યારેય બદલાશે નહીં.' ઘણી વાર આનંદ ખોવાઈ જાય છે કારણ કે મન આગ્રહ પકડીને બેઠું હોય છે કે સુખ માત્ર મારી કલ્પના મુજબ જ મળવું જોઈએ.



જીવનની વચ્ચોવચ્ચ
શ્રીમદ્ ભગવદ્ ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

વિચારો ઉપયોગ માટે છે, જડતા માટે નહીં. જે દિવસે માણસ પોતાની દરેક માન્યતાને પ્રશ્ન પૂછવાનું શીખી જાય છે, તે દિવસે આંતરિક સ્વતંત્રતાની શરૂઆત થાય છે. 'શું હું જે માનું છું તે ખરેખર સાચું છે?' આ એક પ્રશ્ન અનેક બંધનો તોડી શકે છે. સત્યને ક્યારેય આપણા અભિપ્રાયનો આધાર નથી હોતો; આપણા અભિપ્રાયોને સત્યનો આધાર જોઈએ.

પ્રમુખ સ્વામી મહારાજ કહેતા કે જીવનમાં સૌથી મોટો વિજય બીજાઓ પર નહીં, પોતાના મન પર મેળવવાનો છે કારણ કે બહારના કેદખાનામાંથી માણસ એક દિવસ છૂટી શકે પરંતુ પોતાના વિચારોના કેદખાનામાંથી છૂટવું બહુ મુશ્કેલ છે. આથી દરરોજ થોડું પોતાને તપાસીએ. ક્યાંક હું મારા અહંકારનો કેદી તો નથી? મારી માન્યતાઓનો ગુલામ તો નથી? મારી નજર જ મારા માર્ગમાં દીવાલ બનીને ઊભી તો નથી? પછી સમજાશે કે જીવનના મોટાભાગના દરવાજા બહારથી બંધ જ નથી. અંદરથી આપણે જ કૂંડી ચડાવી રાખી છે. હવે કૂંડી ખોલવાની તક સામે છે. રાહ શેની જુઓ છો?

> આપણે લોખંડની સાંકળોથી ઓછા અને પોતાના વિચારોની સાંકળોથી વધારે બંધાયેલા હોઈએ છીએ, વિચિત્ર વાત એ છે કે આ સાંકળો દેખાતી નથી, તેથી તેને તોડવાની જરૂરિયાત પણ અનુભવાતી નથી, માણસ આખું જીવન આ અદૃશ્ય બંધનોને જ પોતાનું સ્વરૂપ માનીને જીવી જાય છે